# બોર્ડની પરીક્ષાઓમાં થતી ભૂલો કે ગેરરીતિઓ માટે કોણ જવાબદાર?

માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ થઇ. આ પરીક્ષાઓ દરમિયાન એવી કેટલીક બાબતો બહાર આવી કે જેના કારણે સૌ શિક્ષણપ્રેમીઓએ આઘાત અનુભવ્યો. હા... કેટલીક સારી બાબતો પણ જળવાઇ રહી જેથી આનંદની લાગણી પણ અનુભવવા મળી. આમ છતાં આ આનંદ ક્યારેક દુ:ખમાં પણ પરિણમતો હતો. પરીક્ષાઓ પૂર્વે અને પરીક્ષાઓ દરમિયાન સ્વાભાવિક પણે જ સૌ વિદ્યાર્થી, વાલી, શિક્ષકો, આચાર્યો અને સરકારી અધિકારીઓ ચિંતિત હતા. કારણ કે આ પરીક્ષાઓ જ વિદ્યાર્થીનું ભાવિ નક્કી કરે છે. ત્યારે વાલી અને વિદ્યાર્થીઓ દ્વારા વધુ ગુણ પ્રાપ્ત કરવા માટેના સારાં અને નરસાં પ્રયત્નો થયાં. બીજી બાજુ અન્ય પરીક્ષા કરતાં આ પરીક્ષાનું આગવું મહત્ત્વ હોવાથી તેની ગંભીરતાને લઇને શિક્ષકો, આચાર્ય અને માધ્યમિક શિક્ષણ બોર્ડના અધિકારીઓએ ભારે જહેમત પણ ઊઠાવી હતી. આમછતાં દૂધમાં છાછનું એક ટીંપુ જેમ બધાં દૂધને બગાડવા કાફી હોય છે, તેમ છાછરૂપી કેટલાક જવાબદાર વ્યક્તિઓએ પણ દૂધ જેવા ઉજળા વ્યકિંતઓની મહેનત પર પાણી ફેરવવાનો પ્રયત્ન કર્યો.

કેટલીક બાબતોમાં ગુજરાત દેશના અન્ય રાજ્યો કરતાં વિશિષ્ટ રીતે આગવું તરી આવે છે. તેમાં માધ્યમિક શિક્ષણની પરીક્ષાનો સમાવેશ પણ કરી શકાય. દેશના અન્ય રાજ્યોમાં અરે, દેશની રાજધાની દિલ્હીમાં પણ સરળતાથી પેપર ફૂટી જાય છે. જે ગુજરાતમાં નથી બનતું. એટલું જ નહીં ધોરણ બાર વિજ્ઞાનપ્રવાહની પરીક્ષાની મૂલ્યાંકન માટેની સૌથી સારી પ્રક્રિયા ગુજરાત રાજ્યમાં છે. ગુજરાત રાજ્યની આ પ્રક્રિયાનો અભ્યાસ દેશના ઘણાં રાજ્યો દ્વારા થયો છે અને હવે તે રાજ્યમાં ગુજરાતની જેમ મૂલ્યાંકન કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ઘણી વિશેષતાઓ ગૌરવ અપાવે છે તો ક્યારેક નિષ્ઠાના અભાવે કે બેદરકારીને કારણે બનતી ઘટનાઓ માંથું શરમથી ઝૂકાવી પણ દે છે. જેમકે, ખાનગી પ્રકાશનમાંથી જ પ્રશ્નપત્ર તૈયાર કરવું, આન્સરકીમાં જ ભૂલો હોવી, બ્લ્યુપ્રિન્ટથી વિપરિત પૂછવું, એક પ્રશ્નના એક કરતાં વધુ જવાબ હોય, કેટલાંક પરીક્ષા કેન્દ્રો પર ચોરીઓ થવી વગેરે જેવી બાબતો શિક્ષણ કે સમાજના હિતમાં નથી જ. આવી બાબતો માટે મિડિયા “છબરડા” શબ્દનો ઉપયોગ કરે છે. જે માટે મોટેભાગે વહિવટીપાંખને જ ગુનેગાર ગણવામાં આવે છે. ત્યારે પ્રશ્ન થાય કે આવી ભૂલો-ગેરરીતિઓ-છબરડાઓ માટે જવાબદાર કોણ?

આપણે સૌ જાણીએ જ છીએ અને અગાઉ આ કોલમમાં લખાઇ ગયું છે કે, પરીક્ષામાં થતી ચોરીઓ માટે સૌથી વધુ જવાબદાર વિદ્યાર્થીઓ અને વાલીઓ છે. ત્યારબાદ તેમને મદદરૂપ થતાં શિક્ષકો અને શાળાઓ છે. આમછતાં ચોરીના બનાવની જવાબદારી માધ્યમિક શિક્ષણ બોર્ડ પર ઢોળી દેવામાં આવે છે કે બોર્ડ કોઇ પગલાં ભરતું નથી કે અટકાવી શકતું નથી. ચોરી કરનાર વધુ ગુનેગાર કે ચોરી નહીં પકડી શકનાર વધુ ગુનેગાર? માધ્યમિક શિક્ષણ બોર્ડે તો ચોરીઓ ન થાય તે માટે કડક કાયદા કર્યા, ચોરી કરતાં વિદ્યાર્થીઓને મદદરૂપ થતાં કે ઇરાદાપૂર્વક ચોરી કરનાર કે કરાવનારને નહીં પકડી શકતાં સ્ક્વોર્ડના સભ્યોને દૂર કર્યા. જરૂર જણાય તેવા કેન્દ્રો પર કેમેરા ગોઠવ્યા. છતાં ચોરીઓ થાય તો બોર્ડ જવાબદાર? પ્રશ્નપત્ર યોગ્ય રીતે ન નીકળે કે તેમાં રહેલી ક્ષતિઓ માટે કોણ જવાબદાર ? સ્વાભાવિક છે કે પ્રશ્નપત્ર કાઢનાર જ જવાબદાર ગણાય. કારણ કે આપણા રાજ્યમાં પ્રશ્નપત્ર કાઢનાર અને પ્રેસમાં છાપનાર સિવાય કોઇને ખબર હોતી નથી કે પ્રશ્નપત્રમાં શું પૂછયું છે કે કેવી રીતે પૂછયું છે. માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન કે સચિવશ્રીને પણ પ્રશ્નપત્ર જોવાનો અધિકાર નથી. પ્રશ્નપત્ર છપાઇને બહાર આવે ત્યારે જ ખબર પડે કે તે કેવું છે. હા... પેપર ફૂટતાં નથી તે માટે સૌ પેપર સેટરોને સલામ કરવી જ રહી. એ નિષ્ઠા તેમનામાં ભારોભાર ભરેલી છે. અહીં એકવાતની ખાસ નોંધ લેવી જ રહી કે, બોર્ડના અધિકારીઓ વહીવટી અધિકારીઓ છે, તેઓ વિષયનિષ્ણાત નથી જ. માટે જ પ્રશ્નપત્રમાં રહેલી ક્ષતિઓ માટે તેઓ તાત્કાલિક

કશું જ કહી કે કરી ન શકે, તે માટે તેમણે શિક્ષકોની મદદ લેવી જ પડે. છતાં કોઇ ભૂલ નીકળે તો બોર્ડ જવાબદાર? આવા કૃત્યો માટે શિક્ષક જ સૌથી વધુ જવાબદાર છે. એક વાતનો સૌ વિદ્યાર્થી અને વાલી આનંદ લઇ શકે કે, પેપરમાં કે મૂલ્યાંકનમાં રહેલી ક્ષતિ બોર્ડના ધ્યાનમાં આવે તો તરત જ તેને દૂર કરવાનો પ્રયત્ન વિના સંકોચે બોર્ડ કરે છે. જેથી કોઇ વિદ્યાર્થીને અન્યાય ન થાય. આમ બોર્ડના નિર્ણયો વિદ્યાર્થી પક્ષે જ હોય છે. અહીં એકવાત હજુ પણ કોઇને નથી સમજાતી કે શિક્ષકની એકભૂલ માટે સમાજ અને મિડિયા હોબાળો મચાવી દે છે, પણ કોઇ વિદ્યાર્થી કે વાલીની ભૂલ માટે કેમ કશું જ નહીં? અહીં મિડિયા પણ ક્યારેક દોષિત ઠરે છે. વાતને પૂરી જાણ્યાં વગર કે સમજ્યા વગર જ્યારે સમાચાર પિરસવામાં આવે છે ત્યારે તેના પ્રત્યાઘાત ખૂબ મોટાપાયે અને ખરાબરીતે પડે છે. સમાજમાં ઉશ્કેરાટ વ્યાપી જાય છે, ખોટી અફવાઓ જોર પકડે છે. મિડિયાએ દોષિત વ્યકિંતને ખુલ્લા પડવા પરભાર આપવો જોઇએ. જેમાં કાચું ન કપાય તે પણ જોવું જ રહ્યું. અહીં એક ઉદાહરણ લઇએ કે કેવું કાચું કપાઇ જાય છે. પરીક્ષા વખતે સમાચાર હતાં કે, આ વખતે જૂનાગઢ જિલ્લો ચોરીઓમાં મોખરે રહ્યો છે. સૌથી વધારે ચોરી ત્યાં થઇ છે. હકીકતમાં જૂનાગઢ જિલ્લાના ડી.ઇ.ઓ.એ એટલી તો સરસ કામગીરી બજાવી હતી કે જેના કારણે ત્યાં ચોરીઓ વધુ પકડાઇ. હકીકતમાં અન્ય જિલ્લામાં જૂનાગઢ જિલ્લા કરતાં પણ વધુ ચોરીઓ થઇ હશે પણ પકડાઇ નહોતી. અહીં ડી.ઇ.ઓ.ને પ્રોત્સાહન આપવાને બદલે જૂનાગઢ જિલ્લાને વગોવ્યો. ખોટાં કામ કરનારને મિડિયા ખુલ્લા પાડે છે તેમ સારાં કામ કરનારને પણ જાહેરમાં લાવીને સન્માનવા જોઇએ. સમાજ અને મિડિયા તેમની ભૂમિકા યોગ્ય રીતે અદા કરશે તેવી અપેક્ષા રાખતાં સૌ શિક્ષક, આચાર્ય અને શાળાઓએ પોતાની ભૂમિકા યોગ્ય રીતે અદા કરવાની પહેલ કરવી પડશે.

શિક્ષકો દ્વારા પરીક્ષા ટાણે થતી ભૂલો માટે બેદરકારી અને નિષ્ઠાનો અભાવ જણાઇ આવે છે. આ માટે બોર્ડ દ્વારા કાયદાકીય પગલાં પણ ભરવામાં આવે છે. જેમાં બોર્ડની પણ ક્ષતિ જણાઇ આવે છે. આવી શિક્ષા સમયસર થવી જોઇએ. આ માટે શિક્ષા પામેલ શિક્ષકો, આચાર્ય, શાળા, વિદ્યાર્થી વગેરેના નામ જાહેરમાં લાવવા જોઇએ. તે માટે ખર્ચ થાય તો પણ કરવો જોઇએ. કેટલોક ખર્ચ કરવાથી મૂલ્યો જળવાઇ રહેતા હોય તો તે ખર્ચ ખપે લાગ્યો ગણાય. આમછતાં એક કડવી વાસ્તવિકતા પણ છે કે, ડર કે શિક્ષાથી દૂષણો બંધ થઇ જશે તેમ માનવું વધારે પડતું છે. જો તેમ બનતું હોત તો દિવસે દિવસે જેલ ખાલી થવી જોઇએ પણ તેમ થતું નથી. દૂષણો કે ક્ષતિઓ અટકાવવા માટે જે તે કામ પ્રત્યેની લગન અને નિષ્ઠા હોવી જોઇએ. જે સૌએ તેમાં પણ ખાસ કરીને શિક્ષકોએ લાવવા જેવી છે. સૌ પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવશે તો આવા પ્રશ્નો સરળતાથી અટકી જશે. આ માટે સરકાર કરતાં સમાજે વધુ જાગૃત થવાની જરૂર છે. કારણ કે ભૂલો કે ગેરીતિઓ કરનાર વ્યક્તિ સામાજિક પ્રાણી છે, નહીં કે સરકારી. માટે જ સરકાર કરતાં સમાજ વધુ દબાણ લાવી શકે. જેમાં માધ્યમિક શિક્ષણબોર્ડ પણ પૂરા ખંતથી સહકાર આપવો જ રહ્યો. આ કામ શિક્ષકસંઘો ન ઉપાડી શકે? મા.શિ.બોર્ડ આ વર્ષે એક પ્રયોગ કરશે? ભૂલો કે ગેરરીતિ કરનાર વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્ય અને શાળાના નામ માધ્યમિક શિક્ષણ પરીક્ષણમાં છાપીને સમાજ સામે લાવશે? આવા સરકારી વ્યક્તિઓના ગૂના મુજબ શિક્ષાને પગાર ભથ્થાં સાથે સાંકળશે? એટલું જ નહીં પ્રામાણિકતાથી વિશિષ્ટ કામ કરનારને પ્રોત્સાહન આપવા માટે તેમની ઓળખ પણ માધ્યમિક શિક્ષણ પરીક્ષણમાં છાપે તો? મજા પડી જાય. આવી મજા માણવા મળે તેવી અપેક્ષા સહ